વેટ વધારી ગરીબોનાં ઘર-ખેતર ભેલાવે છે,
ઝૂંટવી લે હાથોહાથ છતાંય દાનના મલાવે છે,
ખપાવે રાહત, વ્યવસાય-વેરામાં, શોષણ પછી -
દબાવી નાક, અગરબત્તીની સુગંધ ફેલાવે છે..
(જેટ વેરાનું બજેટ)

બિલ્ડર પીઠે,
પડતી ન ઇફેક્ટ
ઇમ્પેક્ટ ફી ની..
(પાડા ની પીઠે..)

પડી અસર
નરમ સ્વભાવની -
સંસદે પણ..
(વિરોધ પક્ષોની માગણી
સ્વીકૃત)

ચિંતન

અલંકારઃ શંઙ્ક્કરનર કપાલં પરિજનો વિશીર્ણઅંગો ભૃંગી વસુ ચ વૃષ એકો બહુવચાઃ ।
અવસ્થેયં સ્થાણોરપિ ભવતિ સર્વામરગુરો વિંધૌ વક્રે મૂર્ધ્નિ સ્થિતિવતિ વયં કે પુનરમી ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'નશીબનો મહિમા'નો આ શ્લોક છે :

'જોતાં જ, દેખાવથી જ શંકા જન્મે એવા માથાની ખોપરી જેના અલંકાર છે, તદ્દન સૂકલકડી જીર્ણ અંગવાળો 'ભૃંગી' નામે જેમનો ગણ છે - જેનો સેવક છે, અને પાકટ વયનો, વૃધ્ધ એક બળદિયો જેનું ધન-વાહન છે. એવા મહાદેવ જે દેવોના દેવ, ગુરૂ છે. અને ગુરૂ હોવા છતાં હલકી દશા ભોગવી રહ્યા છે. કારણ કે તેમના મસ્તક પર ચંદ્રમા વાકો રહેલો છે. (જયોતિષની દૃષ્ટિએ - વક્રીચંદ્ર) આથી મહાદેવની આ દશા થઇ છે - તો આપણે સૌ શું વિસાત માં?!

આ શ્લોકમાં આમ તો મહાદેવ- શંકર ભગવાનના સામાન્ય સ્વરૂપનું જ વર્ણન છે પણ વક્રોક્તિમાં એમની ગરીબી-દારિદ્રયનું વર્ણન કર્યું છે. મહાદેવ પાસે વૈભવી મહાલય, દરબાર કે આભૂષણ નથી. માણસની કુંડળીમાં જયારે 'ચંદ્ર વક્રી' હોય ત્યારે દારિદ્રય - ગરીબીનો સામનો કરવો પડે! (જયોતિષશાસ્ત્ર) પરંતુ મહાદેવના લલાટે - ભાલે - નશીબમાં તો વક્ર ચંદ્ર છે જ એટલા માટે કરીને મહાદેવ દુઃખી છે એવું કવિ સિધ્ધ કરે છે.

નશીબ વાંકા હોય, ગ્રહો નબળાં હોય, ત્યારે ગમે તેવાં ધનિકો પણ મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકાઇ જાય છે.

સુવિચાર

- જેની સેવા કરો તેને ભગવાનનું સ્વરૂપ સમજો - **વચનામૃત**
- સ્વાર્થના હેતુથી સેવા કરનાર 'તકસાધુ' કહેવાય, તે સાચો સેવક બની શકે છે - **ચૂનીલાલ ભટ્ટ**
- નિઃસ્વાર્થ સેવાભાવથી સાચું મનુષ્યત્વ અને હૃદયની વિશાળતાનો પરિચય મળે છે - **સ્વામી વિવેકાનંદ**
- જેણે સેવાનો ધર્મ સ્વીકાર્યો છે એણે તો હંમેશને માટે ગરીબીનું વ્રત લેવું જોઇએ - **ગાંધીજી**
- પોતાના દુઃખને ધ્યાનમાં લીધા વિના પણ જે બીજાને સુખ આપે તે જ સાચો સેવક - **ટોલ્સટોય**
- જનસેવા એ જ પ્રભુસ્મરણ અને પ્રભુસેવા છે - **સંત પુનિત**
- સેવા માર્ગ, ભક્તિમાર્ગથી પણ ઉત્તમ છે - **શ્રી રામ શર્મા**

બોધ કથા

સજ્જન, સેવાભાવી, જ્ઞાનીને માટે કોઇ કામ નાનું કે મોટું નથી, એમની સમાન દૃષ્ટિને કારણે કોઇ જન નાનું-મોટું નથી એમને માટે બધાં જ લોકો સમાન સન્માનીય છે, 'સીયા રામ મય સબ જગ જાની' એ સિધ્ધાંત એમનો શ્વાસ-વિશ્વાસ છે.

બર્લીન યુનિવર્સિટીના કેમ્પસમાં, બધાં પ્રોફેસર્સના ક્વાટ્‌ર્સ હતાં. સ્ટાફના બધા ત્યાં જ રહેતા. પ્રોફેસરથી કરી પટાવાળા સુધીના તમામ.

પ્રો. આઇનસ્ટાઇન એ ક્વાટ્‌ર્સની મધ્યમાં આવેલી બગીચામાં પોતાનું વર્તમાનપત્ર લઇને ત્યાં વાંચવા આવતા ભીનું-મઘમઘતું વાતાવરણ એમને ગમતું, બાજુમાં સર્વન્ટ્સ ક્વાટ્‌ર્સના બાળકો પણ ત્યાં દરરોજ રમવા-તોફાન મસ્તી કરવા આવતાં.

પણ, એક બાળકી, પ્રાથમિક શિક્ષણમાં ભણતી હતી એ દરરોજ 'હોમવર્ક' કરવા ત્યાં આવતી અને અવાર-નવાર 'ગણિત'ના ન સમજાતા દાખલા પ્રો-દાદા જેને એ ઓળખતી ન હતી તેને પૂછતી. પ્રો. પણ તેણીને પ્રેમપૂર્વક સમજાવતા, પછી તો આ નિયમિત ક્રમ થઇ ગયો હતો.

વર્ગ ત્રણના આ કર્મચારીની પુત્રીને ગણિતમાં ૧૦૦ % માર્ક આવ્યા. પિતાને આશ્ચર્ય થયું. પુત્રીને રહસ્ય પૂછ્યું, પુત્રીએ કહ્યું, એક દાદા દરરોજ સવારે બગીચામાં આવે છે ને મને ગણિત શિખવાડે છે.

પિતા આભાર માનવા, પુત્રી સાથે બગીચામાં ગયા, જોયું તો એ પ્રો.આઇનસ્ટાઇન હતા. આભાર તો માન્યો પણ પુત્રી તેમને ખલેલ પહોંચાડતી હતી તે બદલ ક્ષમા પણ માંગી. આઇનસ્ટાઇને કહ્યું, મેં શિખવાડ્યું એ બરાબર પણ તમારી દિકરીએ સમજીને યાદ રાખ્યું એ પણ અભિનંદન ને પાત્ર છે.

શિક્ષણનો પવન જુદી દિશામાં ફંટાયો છે, પરિણામે કોમ્પ્યુટર, ટી.વી. અને રોબોટના યુગમાં હસવાં-રડવાની કળા પણ વિસરાઇ જાય તેની દહેશત રહેલી છે

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

"સંસ્કૃત સાહિત્ય દ્વારા વ્યક્ત થયેલી સંવેદનાઓ" વિષય બાબતે, કોમ્પ્યુટર યુગ સાથે જીવંત તાલમેલ ધરાવતાં, લોકોને આકર્ષિત કરવાની શૈલીના જ્ઞાતા, પ્રખર વક્તા, કવિ સાહિત્યકાર અને સહજરીતે સંસ્કૃતના પંડિતની હરોળમાં બિરાજી શકે તેવા, કર્મશીલૈં છજી અધિકારી શ્રી ભાગ્યેશ જહાએ સંસ્કૃતભાષામાં જ ઉદ્બોધન કરી, સતત પાંચથી સાત મિનિટ સુધી સંસ્કૃત ભાષામાં વકતવ્યમાં જણાવ્યું કે ટૂંકા સમયમાં સંસ્કૃત વિશે કહેવું એટલે ચપટીમાં સમુદ્ર ચાખવાની વાત છે. શિક્ષણનો પવન જુદી દિશામાં ફંટાયો છે, પરિણામે કોમ્પ્યુટર, ટી.વી. અને રોબોટના યુગમાં હસવાં-રડવાની કળા પણ વિસરાઇ જાય તેની દહેશત રહેલી છે. નડિયાદમાં સંતરામ મહાજનના આશીર્વાદથી સંસ્કૃતમાં વક્તવ્ય આપતાં થયેલાં શ્રી ભાગ્યેશ જહાએ એક શ્રેષ્ઠ વાત કરી કે, હાવર્ડ યુનિવર્સિટીના મેનેજમેન્ટના ૮૦૦ રૂપિયાના પુસ્તકનો ભાવાર્થ, ગીતાના માત્ર એક જ શ્લોકમાં સમાઇ જાય છે. તેમણે વધુમાં જણાવ્યું કે ભારત જો 'મોબાઇલ' છે તો સંસ્કૃત ભાષા એનું 'સીમકાર્ડ' છે. જો આ સીમકાર્ડ ન હોય તો મોબાઇલની મહત્તા નથી.

દેવતાઓ અહોભાવથી પ્રાર્થનાઓ - મંત્રો બોલ્યા જે બધાંએ સાંભળ્યા અને આમ શ્રુતિપરંપરાથી યાદ રહ્યા જે સંસ્કૃતમાં હતા, જે પ્રભુ પ્રત્યેની સંવેદનાથી ભરપૂર હતા.

શ્રીકૃષ્ણએ ગીતામાં અર્જુનને કહ્યું છે કે, "યાદવોમાં હું કૃષ્ણ છું અને પાંડવોમાં અર્જુન છું. તું તું નથી... તું છે તે હું છું. આમ આ ઉપદેશમાં ઐક્યભાવ અને અદ્વૈતભાવ છલકાય છે. જેમાં વ્યક્ત થયેલી સંવેદનાઓ એ સંસ્કૃત સાહિત્યની કવિતા અને તત્ત્વજ્ઞાનનો ચમત્કાર છે. સંસ્કૃતમાં સાહિત્યની ભવ્ય વિરાસત છે. કવિ કાલિદાસના મેઘદૂત અને શાંકુતલમાં વ્યક્ત થયેલી સંવેદનાઓ તથા મુનિ કણ્ર્વની ટપકતી વેદનાઓ : "કન્યા વિદાય થાય છે ત્યારે હું પાલકપિતા હોવા છતાં વેદના થાય છે, તો જનકપિતાને કેટલી વેદના થાય?" આ વેદના - સંવેદન એ સંસ્કૃત સાહિત્યકાર વ્યક્ત થયેલ છે.

વેદકાળ, ઉપનિષદ, પુરાણ, મહાભારત, રામાયણ સમયમાં અને કોમ્પ્યુટર યુગમાં પણ ન્યુટનના નિયમ પ્રમાણે દરેક વસ્તુ-પદાર્થો નીચે પડે છે, યજ્ઞમાં બધા જ પતાર્થો નીચે પડે છે, ફક્ત અગ્નિ જ ઉપર જાય છે. અગ્નિ સંદેશો આકાશમાં લઇ જાય છે. આમ આગ પ્રગટાવવી એટલે ઉપર જવું, પ્રગતી કરવી અને ઉર્ધ્વગામી થવું. વિવાહમાં અગ્નિસાત્રીએ જોડાણ અને મૃત્યુ વખતે અગ્નિદાહ એટલે વિસર્જન થઇ, એની ઉર્ધ્વગામી ગતિ થાય છે.

પર્વત, નદી, ફળોથી લચેલાં વૃક્ષો વિગેરે દેવોનું રચેલું જીવંત કાવ્ય છે, જે મરતું નથી, ક્ષીણ થતું નથી અને ચિરંજીવી છે. સંસ્કૃતમાં સાહિત્યની ભવ્ય વિરાસત છે. વેદાંતિ માણસને કોઇ પારકો ન લાગે, તે બધાને પોતાના ગણે, તેને મન કોઇ અસ્પૃશ્ય ન હોય.

તેમણે કાલીદાસની રચનાઓની વિશેષતાઓ વર્ણવી તેમાં રહેલ વેદનાઓ - સંવેદનાઓનો ચિતાર આપી, ભાવકોને રસપાન કરાવવાની કલાની પરખ અને વિષય નિપૂર્ણતાનો અહેસાસ કરાવ્યો હતો.

પ્રથમ બેઠકની પુર્ણાહૂતિ થતાં મનોજ શુક્લએ આભારવિધિ કરી હતી.

દ્વિતીય બેઠકના મહેમાનો નિમેષ દેસાઇ અને તખતદાન રોહડિયા "દાન અલગારી"ને પરિમલ પમરાટ ફરતાં પુષ્પગુચ્છથી સુરેશભાઇ ભટ્ટ દ્વારા અભિવાદન કરી, આવકારવામાં આવ્યા.

નાટ્યક્ષેત્રે અભિનેતા અને દિગ્દર્શક તરીકે અભિનયનાં ઓજસ પાથરનાર ને ચિત્રપટમાં નામના ધરાવતા નિમેષ દેસાઇ દ્વારા "રંગભૂમિ અને ગુજરાતી ફિલ્મમાં વ્યક્ત થયેલી સંવેદના" બાબતે જણાવવામાં આવ્યું કે, "જીવનમાં જેટલા વ્યક્તિઓ પાત્રોને નથી મળ્યો એથી વધુ નાટકનાં પાત્રોને મળ્યો છું. નાટક જોતો - સમજતો થયો ત્યારથી લાગણીઓની સાથે જ જીવતો આવ્યો છું. ૩૬ વર્ષનો નાટક સાથે પનારો. પિતાશ્રી મુંબઇમાં બેંકમાં હતા, જેઓ સંગીત અને નાટકના શોખીન હોઇ શકીલબાનુ ભોપાલીની કવ્વાલી કે નાટક જોવા લઇ જતા. જૂની રંગભૂમિમાં નાટકો જોયા છે. અને જૂની રંગભૂમિનું ઉમદા સંગીત પણ સાંભળ્યું છે. લાભશંકર જેવા વડીલો સાથે બેસવા - ઉઠવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. નાટક ભજવવાના અને વાંચવાનો જુદા હોય એ ખબર નહોતી. નોબેલ પ્રાઇઝ વિજેતા નાટકની કૃતિની ગુણવત્તા માણવાની તક મળી. નાટકો વાંચતા/ભજવતાં શીખી ગયો. સદ્ભાગ્યે નાની ઉંમરમાં યશવંત શુક્લ, રઘુવીર ચૌધરી જેવાનો ચસકો લાગ્યો. સંગીતમાં રૂતિ હતી તેથી ગીતો ગાતો થયો." લખવની, ડિરેક્ટર તરીકેની અને એક્ટર તરીકે ભજવવાની મજા પણ અલગ અલગ હોય છે. વેદના અને સંવેદના જુદા જુદા પાત્રમાં જુદા જુદા સમયે અલગ હોય છે. જશવંત ઠાકર કહેતા "રિહર્સલ માટે જ નાટક કરૂં છઉં. ગુજરાતીમાં લખાયેલ ગુજરાતી રંગભૂમિનાં નાટકોમાંથી હું સહજ રીતે પસાર થાઉં છું. શરૂઆતનું નાટક તે "બકરી" નાટકમાં ઉત્તમ પ્રકારના ગીતો રચવાની - સ્વરાંકન કરવાની જે. સરળતાથી પ્રેક્ષકોને ભોગ્ય ન હોય, એવું કાંઇ અઘરૂં ન કરવું, જે સમાજ ન સ્વીકારે."

પન્નાલાલ પટેલની નવલકથાઓમાં નાટક વેદના/સંવેદના અને નાટક તત્ત્વ વધુ છુપાયેલું હોઇ, તે ભજવવાની ઓર મજા આવી છે. મળેલા જીવ, વળામણાં, ડાકઘર, કાબૂલીવાલા જેવા નાટકોમાં વ્યકત થયેલી વેદના/સંવેદનાઓને પરિણામે તે લોકભોગ્ય બન્યા છે. "પાદરનાં તીરથ" નાટકમાં સને ૨૦૦૩નાં રમખાણોની વ્યક્ત થયેલી વેદના/સંવેનદા ઝીલાઇ છે. આમ નાટક અને ફિલ્મ એ સ્વયં સંવદેનાનો વિષય છે. ગુજરાતી નાટકો અને ફિલ્મોમાં જે તે સમયની, કાળની, પ્રજાની રહેણીકરણી, દુઃખ, દર્દની વેદના - સંવેદનાનો પડઘો પડે છે અને તે સમાજ દ્વારા ઝીલાય છે.

"ચારણી સાહિત્યમાં વ્યક્ત થયેલી સંવેદના" પર તખતદાન ગઢવી "દાન અલગારી" એ એમની આગવી ચારણી લઢણમાં સૌ પ્રથમ જણાવ્યું કે : "અમારા સૌરાષ્ટ્રમાં જયારે મંદિરમાં આરતી થાય ત્યારે, પાઘડી ઉતારે; એનો અર્થ પ્રભુને પ્રણામ વંદન ગણાય. હું ટોપી ઉતારૂં છું."

તેમણે જણાવ્યું કે વેદના - સંવેદના સિવાયનું કોઇ સાહિત્ય સર્જાતું નથી અને તેમાંય ખાસ ચારણી સાહિત્ય. કોઇને જોવામાં માથે રાખેલ ઘીનો ઘાડવો ઢોળાઇ જાય પરંતુ નટ દોરડા ઉપર ચાલે ને ચૂકે નહીં... ભીંતરનું ભોપાળું - ખોંખારો ખાઉં હિંમત આવે છે અને લાગે છે વાહ... વાહ... મારા ચહેરાનું ઘરેણું મારી મૂછ... વાગડમાં ના દેશો હો સૈ, વઢિયારી સાસુ દોહ્યલી, દિવસે દળાવે રાતડિયે કંતાવે... જેવાં હલકદાર ગીતો અને આ ચારણી ગીતોમાં વ્યક્ત થયેલી, સમાજની વેદના સંવેદનાની છણાવટ કરેલી.

કાર્યક્રમના અંતપૂર્વે સંસ્થાના સહમંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' દ્વારા, સમારંભના મોંઘેરા મહેમાનો તેમના કરકમળથી દીપ પ્રજ્જ્વિલત કરી, સમારંભમાં જળહળતી જયોતનાં તેજકિરણઓ ફેલાવી સમારોહને ઉજળો - દેદિપ્યમાન કર્યા બદલ અને પોતાનો અમૂલ્ય સમય ફાળવી, સમારોહની શોભા વધારી તેમના વક્તવ્યોથી સર્વેને રસ તરબોળ કરવા બદલ વક્તાઓ વી.એસ. ગઢવી IAS(Retd), ભાગ્યે જહા IAS, નિમેધ દેસાઇ તથા તખતદાન રોહડિયા "દાન અલગારી" નો તથા આમંત્રિતો, ગાંધીનગર સાહિત્યસભાના સભ્યશ્રીઓનો અંતઃકરણ પૂર્વકનો સંસ્થાવતી આભાર માનવામાં આવ્યો. વાર્ષિકોત્સવ નિમિત્તે સહયોગ આપી નાણાંકીય સહાય પૂરી પાડનાર ગુજરાતી સાહિત્ય અકાદમી અને અકાદમીના મહામાત્ર હર્ષદભાઇ ત્રિવેદી, ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી કે જેણે ચાર બુકોની બસો બસો નકલ પુરી પાડી તે બદલ, સંસ્થાને કાયમી સદ્ભાવથી નિઃશુલ્ક પ્લેટફોર્મ પુરૂં પાડી હોલની અને અન્ય સગવડો પુરી પાડનાર મર્હુમ માણેકબાપા અને વલ્લભભાઇ પટેલ - છોટે સરદાર અને ડો. સોમાભાઇ પટેલનો અને સમારંભની કામગીરીમાં યોગદાન આપનાર સભ્ય અશ્વિનભાઇ પટેલ, સોમાભાઇ પરમાર અને રમણલાલ શ્રીમાળીનો અને ઉદઘોષક મનોજભાઇ શુકલ્નો અંતઃકરણપૂર્વકનો આભાર માનવામાં આવ્યો.

સમગ્ર કાર્યક્રમનું રસતરબોળ, વિષય વૈવિધ્યભર્યું અને મજા પમાડે તેવું, સૂચારં સંચાલન મનોજ શુક્લ દ્વારા કરવામાં આવેલું.

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

જોશમાં આવી શંકરલાલે લતાને બોલાવી, એ ભાભીના ઓરડામાંથી નીકળી તો શંકરલાલે કહ્યું, "લતા, આજથી રસોઇ તારે જ બનાવવાની છે, સવારની તારી ભાભી સંભાળશે"

સ્ટેશન માસ્તર શંકરલાલ!! - અતીતનાં ઓવરણાં કરતી નવલિકા

- યશવંત કડીકર

(ગતાંકથી આગળ...)

શંકરલાલ માસ્તર બેઠા-બેઠાં ચા-નાસ્તાની રાહ જોઇ રહ્યાં. અચાનક જ એમને મગન યાદ આવી ગયો. રોજ સવારે 'પેસેન્જરો'ના આવતા પહેલાં એ ગરગામગર નાસ્તો બનાવતો. શંકરલાલ માસ્તર ઉઠીને તૈયાર થાય ત્યાં સુધીમાં તે એમનાં માટે ચા અને નાસ્તો મૂકી દેતો, અને ચા પણ કેવી સરસ? કાચના ગ્લાસમાં છલોછલ ભરેલી, પૂરી અઢી ચમચી ખાંડ અને ઉપર મલાઇનો મજાનો થર. પેસેન્જર ટ્રેઇન મોડી થાય તો ભલે, પણ મગને ચા બનાવવામાં કોઇ દિવસ મોડું કર્યું નહોતું.

પત્નીનો ફરિયાદ ભર્યો સાદ સાંભળીને એમનાં વિચારોમાં ભંગાણ પડ્યું... દિવસ આખો આમ પસાર થઇ જાય છે. સંસારની આની આ વેઠમાં આટલું ખૂટવાં લાગ્યું. કોઇ જરા જેટલો હાથ દેતું નથી.

"વહુ શું કર્યા કરે છે?" શંકરલાલ માસ્તરે પૂછ્યું.

"પડી રહે છે, અને લતાને તો કોલેજ જવાનું હોય છે."

જોશમાં આવી શંકરલાલે લતાને બોલાવી. એ ભાભીના ઓરડામાંથી નીકળી તો શંકરલાલે કહ્યું, "લતા, આજથી રસોઇ તારે જ બનાવવી છે. સવારની તારી ભાભી સંભાળશે."

મોઢું ચઢાવીને લતા બોલી - "બાપુજી, વાંચવાનું યે હોય છે."

શંકરલાલે એને બહુ પ્રેમથી સમજાવી - "સવારે વાંચવાનું રાખ, તારી મા હવે ઘરડી થઇ છે. એનાં શરીરમાં બહુ તાકાત રહી નથી. તું છે, તારી ભાભી છે. બંનેએ મળીને કામનાં મદદ કરવી જોઇએ.

લતા ચૂપ રહી. એ ગઇ પછી માએ ધીમેથી કહ્યું."

"વાંચવાનું તો બહાનું છે. કયારેય મન દઇને બેસતી નથી, અને કયાંથી બેસે? શીલામાંથી જ ઊંચી આવતી નથી. જુવાન છોકરા છે એ ઘરમાં, જયારે ત્યારે એ ત્યાં જ ભરાઇ, રહે છે તે મને કંઇ ગમતું નથી. ના પાડું છઉં તો કાને ધરતી જ નથી. નાસ્તો કરી શંકરલાલ બેઠકમાં ચાલ્યા ગયા. ઘર નાનું હતું, અને વ્યવસ્થા એવી થઇ ગઇ હતી કે શંકરલાલને રહેવા માટે જગા જ હતી નહિ. કોઇ મહેમાન માટે કામચલાઉ વ્યવસ્થા કરી હોય તેમ બેઠકમાં ખુરશીઓને લગેલગ ગોઠવી, વચ્ચે એક ખાટલો મુકી દીધો હતો. એ ઓરડામાં આવી પડ્યા પડ્યા અનાયાસે જ શંકરલાલ અશાન્તિનો અનુભવ કરી રહ્યા હતા. તે થોડીવાર થોભી જોવા લક્ષ્ય ભણી ચાલી જતી ટ્રેઇન એમને સાંભરી આવી.

ઘર નાનું હતું એટલે બેઠકમાં જ એમણે પોતાની વ્યવસ્થા કરી લીધી હતી. પત્ની પાસે અંદર એક નાની ઓરડી હતી ખરી, પણ તેમાં એક બાજુ અથાણાંની બરણીઓ,દાળ-ચોખાના ડબ્બા અને ઘીના ડબ્બાનો પથારો હતો. તો બીજી બાજુ જૂની રજાઇઓ, શેતરંજીમાં વીંટાળીને દોરીથી બાંધેલા ખડેકલા હતા. તેની બાજુમાં પતરાંનાં એક મોટા ટ્રન્કમાં ઘર આખાનાં ગરમ કપડાં હતા. વચમાં એક વળગણી બાંધેલી હતી, અને તેના પર લતાના કપડાં ડૂચાની જેમ પડ્યા રહેતાં, એ તો બને ત્યાં સુધી એ ઓરડામાં જતા જ નહિ. ઘરનો બીજો ઓરડો પરશ અને એની પત્નીને આપેલો. સામેનો ત્રીજો ઓરડો બેઠકમાં હતો. શંકરલાલ માસ્તરના આવતા પહેલાં ત્યાં પરેશનાં સાસરે થી આવેલા નેતરની ખુરશીઓનો સેટ પડ્યો રહેતો હતો.

પત્નીને કઇ ફરિયાદ કરવી હોય તો બેઠકમાં સાદડી પાથરીને લંબાવી દેતી. એક દિવસ આમ સાદડી લઇને આવી પહોંચી. શંકરલાલ માસ્તરે ઘરસંસારની વાત માંડી. ઘરમાં ચાલતી લીલા એ જોઇ રહ્યાં હતા. બહુ નરમાશથી એમણે કહ્યું કે, હવે હાથ પર પૈસા ઓછા આવવાના, એટલે ખર્ચે ઓછું થાય તો સારૂં."

"બધો ખર્ચ વ્યાજબી જ થાય છે. કોના પેટ પર કાપ મૂકવો? આમને આમ તોડ-જોડ કરતાં ઘડપણ આવી ગયું. ન મન માન્યું કંઇ પહેર્યું કે ઓઢ્યું," એમની પત્નીએ કહ્યું.

શંકરલાલ માસ્તરે વિસ્મિત દૃષ્ટિથી પત્ની તરફ જોયું. પત્નીથી એમની ગુંજાશ કંઇ અજાણી નહોતી. તંગીનો અનુભવ કરતાં પત્ની તેનો ઉલ્લેખ કરે એ સ્વાભાવિક હતું, પણ એમાં સહાનુભૂતિનો જે અભાવ હતો, તે શંકરલાલને ખટક્યો. એમની પાસે કોઇ વાત કરવા કે અભિપ્રાય માગવા આવે તો એમને ચિંતા, થોડો સંતોષ અધિક હતો, પરંતુ એમની પાસે તો હંમેશા ફરિયાદ જ થતી. જાણે ઘર આખાની તકલીફની જવાબદારી એમની જ હોય.

"તને કંઇ વાતની ખોટ છે, પરેશની બા? ઘરમાં વહુ છે, બાળ-બચ્ચાં છે. માત્ર પૈસાથી માણસ કંઇ અમીર બનતો નથી." શંકરલાલે કહ્યું, અને કહેતાની સાથે જ તે અનુભવ્યું, પણ આ એમની આંતરિક અભિવ્યક્તિ હતી, જે પત્ની સમજી શકે તેમ નહોતી.

હા, બહુ સુખી છે, વહુને લીધે તો આ રસોઇ કરવા ગઇ છે. જુઓ, શું થાય છે, એમ કહી પત્ની એ આંખો મીંચી દીધી, અને ઊંઘી ગયા. આજ એમની પત્ની હતી, જેના હાથના કોમળ સ્પર્શની સ્મૃતિમાં એમણે આખું જીવન વીતાવી નાખ્યું હતું! એમને લાગ્યું કે પેલી લાવણ્યમય યુવતી જીવનનાં માર્ગમાં કયાંક ભૂલી પડી ગઇ છે, અને તેના સ્થાને આ જે સ્ત્રી છે, તે એમનાં મન અને પ્રાણને નિશાન્ત અપરિચિતા છે. ગાઢ નિંદરમાં પડેલી પત્નીનો સ્થૂળ દેહ બેડોળ અને કદરૂપો લાગતો હતો. ચહેરો શ્રીહીન અને રૂક્ષ હતો. શંકરલાલ માસ્તર કયાંય સુધી નિઃસંગ દૃષ્ટિથી પત્ની તરફ તાકી રહ્યાં.

અંદર કંઇક પડ્યું અને એમની પત્ની ચમકીને જાગી ગઇ, લો, કાંતો બિલાડીને દાળની તપેલી ઊંધી વાળી દીધી. બધાય જમવાના બાકી છે. શું ખવડાવીશ? એ શ્વાસ લેવા થોભી અને બોલી "એક શાક અને ચાર પરોઢા બનાવવામાં આખો ડબ્બો ઘી ખાલી કરીને બેઠી છે. કમાનારના હાડ તૂટે છે, અને અહીં તો બધું લૂંટાયા કરે છે. હું તો જાણતી હતી કે આ કોઇનાથીય થવાનું નથી."

શંકરલાલને થયું કે, પત્ની હવે વધારે કંઇ બોલશે તો એમના કાન ઝણહણી ઉઠશે. હોઠ દાબી, પડખું ફેરવી એમણે પત્ની તરફ પીઠ કરી લીધી.

રેલ્વે ક્વાર્ટર પાછળના રેલ્વે 'ટ્રેક' પરથી દિલ્હી મેલ ધમધમાટ પસાર થઇ રહ્યો હતો... પરંતુ આ તો એમની યાદોમાંથી સર્જાયેલો ભ્રમ હતો... માત્ર ભ્રમ...

પ્રથમ ઘરનાં સભ્યો સાથે, સગા-સંબંધીઓ સાથે, પછી પાડોશીઓ સાથે, સમાજ સાથે અને આમ આખા માનવ જાત, પશુ-પક્ષીઓ સાથે પ્રેમ-ભાવ રાખીશું તો પ્રભુ આપમેળે ખુશ થઈ જશે

કોને ખુશ કરશો?

- લક્ષ્મી વાધવાણી

કૌશલ્યા નામે એક બહેન હતા. બહેનોનો સ્વભાવ બહુ જ સારો, બધા સાથે એમને ખૂબ સારા સંબંધ હતા. આડોશી પાડોશી હોય કે સગા સંબંધી એમની સાથે ખુશ રહેતા. બધા એમને ખૂબ માન આપતાં એમનો પડ્યો બોલ જીલતા. પણ એમનાં બાળતો થોડા તોફાની હતા. રમતિયાળ હતા. એક દિવસ મસ્તી કરતા કરતાં એમના બે ય બાળકો અચાનક રડતા રડતા ઘેર આવ્યા. કૌશલ્યાબેન તરત બહાર આવ્યા તેમણે બાળકોને રડવાનું કારણ પૂછ્યું તો જાણવા મળ્યું કે પાડોશીઓએ જ તેમને ખૂબ ઠપકો આપ્યો હતો એટલું જ નહિ એક જણે તો તેમના પુત્રને થપ્પડ પણ મારી દીધી હતી. કૌશલ્યાબહેનને નવાઇ લાગી. મારી સાથે આટલો સરસ વ્યવહાર કરનાર મારા પાડોશીઓ મારા બાળકો સાથે આવો દુર્વ્યવહાર કરે છે. તેમને ખૂબ ખરાબ લાગ્યું. એ દિવસથી કૌશલ્યાબેને બધાની સાથે બોલવૌનું ખુબ ઓછું, લગભગ નહિવત કરી દીધું, કૌશલ્યાબહેન એટલા મિલનસાર અને પ્રભાવશાળી હતા કે કોઇ એમની સાથે બોલ્યા વગર એક દિવસ પણ ચાલે એમ નહોતું.

કૌશલ્યાબેનના અબોલાનું કારણ બધાએ પૂછ્યું તો તેમણે કહ્યું, "હું માનું છું મારા બાળકો થોડા શરારતી છે. તોફાની છે પણ આખરે તો બાળકો જ છે ને? તમે એમને સમજાવી શક્યા હોય પોતાના બાળકોની જેમ. બધા કહે અમે તમને કેટલું માન આપીએ છીએ. અમે તમને કયારેય દુઃખ પહોંચાડ્યું છે તો તરત કૌશલ્યાબેને કહ્યું, 'મા ને મન એના બાળકોથી વિશેષ કંઇ નથી હોતું, તમે કદાચ મને બે શબ્દો કહ્યા હોત તો મને આટલું દુઃખ ન થાત. પણ મારા બાળકોને વઢીને મારીને તમે મને વધારે દુઃખ આપ્યું છે. વાત સાંભળી બધા વિચારમાં પડી ગયા અને બેનની માફી માંગી. બાળકોને પણ સમજાવ્યાં. બાળકો પણ સમજુ માતાના બાળકો હતાં તેઓ પણ સમજી ગયા."

આ વાત તો આટલેથી અટકી ગઇ, પતી પણ ગઇ. પણ એવું નથી લાગતું આ જગતનો તાત, પરમાત્મા પણ આપણી પાસેથી આવું જ કંઇક ઇચ્છે છે. આપણે સહુ ઇશ્વરને તો રાત-દિવસ ભજીએ છીએ. એના ગુણગાન ગાઇએ છીએ. પૂજા-પાઠ ભજન કીર્તન, વ્રત-ઉપવાસ બધું જ કરીએ છીએ. પણ સામે પક્ષે એના જ બનાવેલા બાળકો, માનવો, પશુ-પક્ષીઓ, જીવજંતુઓ બધા સાથે કેવો વ્યવહાર કરીએ છીએ? જરા કંઇક બોલવાનું થયું કે મરવા - મારવા પર ઉતારૂં થઇ જઇએ છીએ. તો શું ભગવાન રાજી થશે? ભગવાન એ આપણો સૌનો પિતા છે અને એ પિતાના જ બાળકો સાથેનો દુર્વ્યવહાર શું પિતા સહન કરી શકે? માટે જ સદ્ગુરૂઓ કહે છે પ્રથમ ઘરનાં સભ્યો સાથે, સગા-સંબંધીઓ સાથે, પછી પાડોશીઓ સાથે, સમાજ સાથે અને આમ આખા માનવ જાત, પશુ-પક્ષીઓ સાથે પ્રેમ-ભાવ રાખીશું તો પ્રભુ આપમેળે ખુશ થઇ જશે, પછી અલગથી ઇશ્વરને રાજી કરવા બહુ મહેનત નહિ કરવી પડે.

આની બીજી બાજુ જોઇએ તો આપણે કલાકારની કળાનાં વખાણ કરતા હોઇ છીએ. પણ જો આપણે કલાકારના વખાણ કરીએ તો શું કલાકાર ખુશ થશે ખરો? બસ, તો આ જગતના રચયિતાની રચના સાથે શું આપણે અન્યાય કરીશું? તેમ કરીશું તો આ સર્જક ખુશ થશે? પણ આ બધું જ્ઞાન સદ્ગુરૂ જ આપી શકશે. સદ્ગુરૂનું શરણ લેનાર કયારેય ભટકતો નથી. હવે તમે જ કહો કોને ખુશ કરશો?

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૩મી ફેબ્રુઆરી

- **રસાયણો બનાવી ભારતને આ ક્ષેત્રમાં સ્વાવલંબી બનાવનાર છતાંય એકપણનું પેટન્ટ નહિ લેનારા રસાયણ ઉદ્યોગના પિતા ચાંપરાજભાઇ શ્રોફનો જન્મદિન ૨૩-૨-૧૯૦૯. એકસેલની વિકાસગાથા, ફટાકડા બનાવવાનું શરૂ કરનારા, હવાઇદળને ટિટેનીયમ ટેટ્રાકલોરાઇડ સ્મોકસ્ક્રીનની જરૂરીયાત પૂરી પાડનારા, ફોસ્પેરિક એસિડ આઇ.સી.ઓ.ને ઉપલબ્દ પાડનારા, વિદ્યુત રાસાયણિક પ્રક્રિયાથી શુધ્ધ ચાંદી આપનારા, અને પ્લાસ્ટિક ફર્નિચર આપવા જસનાં અધિકારી ચાંપરાજભાઇનું આટલું બધું પ્રદાન રસાયણ ઉદ્યોગમાં હતું.**
- **૧૮૯૨ - નવસારીમાં સૌપ્રથમ ફર્સ્ટ કલાસ મેજિસટ્રેટની કોર્ટ શરૂ થઇ.**



- **૧૯૧૯ - ગુજરાતી ગઝલકાર - પત્રકાર રતીલાલ અનિલનો જન્મ..**
- **૧૮૫૨ - અંધજનો માટે બ્રેઇલલિપિનો વિકાસ કરનારા લુઇબ્રેઇનનું અવસાન.**
- **૧૯૬૯ - ૩૦૦ જેટલાં સચિત્ર પુસ્તકો લખનારા લેખક સંપાદક પ્રકાશક શ્રી નાગરદાસ ઇશ્વરદાસ પટેલનું અવસાન.**